# સ્કૂલ બોર્ડનાં સત્તાધીશો સામે ફોજદારી ગુન્હો દાખલ કરવાની માંગ

અમદાવાદ, વૈશ્વિક મહામારી કોરોનાનાં કપરા સમયમાં રાજ્યની તમામ સ્કૂલો અને કોલેજો બંધ છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત એલિસબ્રિજ શાળા નંબર ૭ અને ૮માં ગરીબ બાળકોને પરીક્ષા માટે બોલાવી આચરેલી ગુનાહિત બેદરકારીની સામે શાળામાં એકમ કસોટી માટે સૂચના આપનાર સ્કૂલ બોર્ડનાં સત્તાધીશો સામે ફોજદારી ગુન્હો દાખલ કરવાની માંગ કરતા ગુજરાત કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈનાં મહામંત્રી ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે કોરોનાની વૈશ્વિક મહામારીમાં પ્રવર્તી રહેલું સંક્રમણ એ ચિંતાનો વિષય છે. ત્યારે સરકારે વિદ્યાર્થીઓના હિત માં શાળાઓ બંધ રાખી કોરોના માર્ગદર્શિકાનું કડક પાલન કરવાને બદલે કોર્પોરેશનનાં સત્તાધીશોની ગુન્હાહિત બેદરકારીને પગલે ગરીબ બાળકો કોરોના સંક્રમણનો ભોગ બને એ પ્રકારની કામગીરી કરી રહ્યું છે. એલિસબ્રિજની શાળા નંબર ૭ અને ૮માં ગુલબાઈ ટેકરાનાં શ્રમજીવીઓના બાળકો અભ્યાસ કરે છે. ગુલબાઈ ટેકરા વિસ્તાર કોરોના મહામારીમાં કન્ટેન્ટમેન્ટ ઝોન કોર્પોરેશન તરીકે જાહેર કર્યો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થા (ઉરૂૅં)એ કહ્યું હતું કે ૧૪ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકો કોરોના મહામારીમાં કોરોના સંક્રમણનો ભોગ વધુ બની શકે છે તેથી બહાર ન નીકળવા વારંવાર તાકીદ કરી છે.ત્યારે ગરીબ બાળકોનાં જીવન સાથે ચેડાં કરતા કોર્પોરેશનનાં સત્તાધીશો સામે સખત પગલાં ભરવા જોઈએની એન.એસ.યુ.આઈ ગુજરાતના મહામંત્રી શ્રી ભાવિક સોલંકી દ્વારા માંગ કરવામાં આવી હતી. શાળાના શિક્ષકો અને આચાર્યશ્રી જેવા જવાબદારો વ્યક્તિઓ હોવા છતાં કોર્પોરેશનની એલિસબ્રીજ શાળા નંબર ૭ અને ૮માં કોના મૌખિક આદેશથી કોરોના મહામારી વચ્ચે ખોલી નાખવામાં આવી ? વિદ્યાર્થીઓને શાળામાં બેસાડવામાં આવ્યા અને પરીક્ષા પણ લેવાઈ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં કયા સત્તાધીશોએ આ મૌખિક આદેશ આપ્યા હતા ? સમગ્ર ગંભિર બાબતનો પર્દાફાશ એન.એસ.યુ.આઈ. દ્વારા થતા સ્કૂલનાં આચાર્યને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે પરંતુ શાળા આચાર્યએ કોના દિશાનિર્દેશ, દબાણથી સ્કૂલ ચાલુ રાખી પરીક્ષાનું આયોજન કરવા જેવી ગુનાહિત બેદરકારી દાખવી હતી. અમદાવાદ કોર્પોરેશનના ભાજપના શાસકો ગરીબ બાળકોની ચિંતા કેમ ન કરી? ભાજપનાં શાસકો ત્રણ કલાક સુધી કેમ ન દેખાયા? ગંભીર ઘટના અંગે ખબર પુછવા જેટલો સમય પણ ભાજપના સત્તાધીશોએ સંવેદના દેખાડી શક્તા નથી ? આ બેદરકારી શિક્ષક નહીં પરંતુ આદેશ કરનાર કરનાર છે તો પગલાં કેમ શિક્ષકો સામે લેવામાં આવ્યા? ગુનાહિત બેદરકારી માટે કેમ ફોજદારી ગુન્હો દાખલ કરવામાં ન આવ્યો.

# માધવસિંહ સોલંકીનો ૯૪માં વર્ષમાં પ્રવેશ

અમદાવાદ, ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને કેન્દ્ર સરકારના પૂર્વ વિદેશમંત્રી મુરબ્બી શ્રી માધવસિંહ સોલંકી તા. ૩૦ જુલાઈ, ૨૦૨૦ ને ગુરૂવારના રોજ ૯૩ વર્ષ પુરા કરી ૯૪માં વર્ષમાં પ્રવેશ કરે છે. ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજનાના પ્રણેતા અને કોંગ્રેસપક્ષને ૧૪૯ અને ૧૪૨ બેઠકો વિધાનસભામાં વિક્રમી વિજય હાંસલ કરીને સત્તામાં લાવનાર તથા ચાર વખત ગુજરાતના મુખ્યમંત્રીમુરબ્બી શ્રી માધવસિંહભાઈ તા. ૩૦ જુલાઈ ૨૦૨૦ ને ગુરુવારના રોજ ૯૪માં જન્મદિને વર્તમાન કોરોનાની મહામારીના લીધે ૯૪માં જન્મદિને શુભેચ્છકોને વિનંતી કે મનથી શુભેચ્છા પાઠવવી. રૂબરૂ મુલાકાત મોકુફ રાખેલ છે.

# ગુજરાતમાં પ્રવેશતા વાહનચાલકોને એકાએક રાજસ્થાન પોલીસે અટકાવ્યા

મોડાસા, રાજસ્થાન રાજ્યની ગુજરાતને જોડતી આંતરરાજ્ય સરહદો એકાએક સીલ કરી દેવાતાં વાહનચાલકો અટવાઈ પડ્યા હતા અને ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. સોમવારે સાંજે શામળાજી રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનચાલકોને અટકાવી દેવામાં આવ્યા છે અને તમામ ખાનગી વાહનચાલકો પાસેથી પાસ માંગતાં વાહનચાલકો અટવાઈ પડ્યા છે. આંતરરાજ્ય સરહદ બંધ કરવા પાછળ હાલ રાજસ્થાનમાં ચાલતો રાજકીય ડ્રામા જવાબદાર હોવાનુ વાહન ચાલકો માની રહ્યા છે. સોમવારે સાંજે રાજસ્થાન સરકારે રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશતા ખાનગી વાહનચાલકો અટકાવી પાસ હોય તો જ રાજસ્થાન બહાર જવા મળશે તેવા આદેશને પગલે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. બીજી બાજુ ગુજરાતમાંથી રાજસ્થાન જવા માંગતા વાહનચાલકોને રાજસ્થાનમાં પ્રવેશવા દેતા હોવાથી રાજસ્થાન સરકારની કામગીરી સામે અનેક સવાલ પેદા થઈ રહ્યા છે. રાજસ્થાનમાં ફરવા કે કામકાજ અર્થે ગયેલા ગુજરાતીઓ હાલ તો રાજસ્થાન પ્રશસાન તંત્રએ લીધેલા અચાનક નીર્ણયથી આચંકો અનુભવ્યો છે.

# ભાજપા વેચાતા માલને ટીકીટ આપવાને બદલે પોતાના કાર્યકર્તાઓને ટીકીટ આપીને જીતી બતાવે - શૈલેષ પરમાર

અમદાવાદ, કોંગ્રેસીઓ ભાજપ પક્ષમાં જોડાય કે આપણે જોડવા પડે તેવા સંજોગોના બદલે ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા પોતાની તાકાત પર લડે અને પોતાની તાકાત પર લડીને જીતે તેવા નવા વરાયેલા ભારતીય જનતા પક્ષના પ્રમુખશ્રી સી. આર. પાટીલે કરેલા નિવેદન અંગે આકરી પ્રતિક્રિયા આપતાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમારે જણાવ્યુંત હતું કે, ભારતીય જનતા પક્ષમાં અને તેના કાર્યકર્તામાં એટલી તાકાત હોય તો રાજ્યસભા ચુંટણીમાં કોંગ્રેસના ૮ ધારાસભ્યોએ રાજીનામા આપેલ, તેને રાજ્યસભા ચુંટણી બાદના થોડા દિવસોમાં જ ભાજપમાં કેમ જોડવામાં આવ્યી ? ભારતીય જનતા પક્ષના કાર્યકર્તાઓમાં તાકાત હોવાનું અને કોંગ્રેસની જરૂર નથી તેવું નિવદેન પક્ષ પ્રમુખ તરીકે કરી ચુકયા છે તો આવનારી વિધાનસભાની ૮ બેઠકોની પેટા ચુંટણીમાં કોંગ્રેસમાંથી આવેલાને ટીકીટ આપવાના બદલે ભારતીય જનતા પક્ષના કાર્યકર્તાઓને ટીકીટ આપીને ચુંટણી જીતી બતાવવાનો પડકાર શ્રી પરમારે ફેંકયો છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ તો રેલીઓ અને દેખાવો કરવા પુરતા જ છે, જ્યારે ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોંને રાજીનામા અપાવીને ત્યારરબાદ ટીકીટ આપીને સરકાર બચાવે છે. શ્રી શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, ૨૦૧૭ પહેલાં ૨૪ ધારાસભ્યોરએ કોંગ્રેસ છોડી હતી તે ૨૪ ધારાસભ્યોષમાંથી ૨૨ સભ્યો ભાજપમાં જોડાયા હતા. ભાજપમાં જોડાયેલા ૨૨ પૈકી ૧૯ને ભાજપે ટીકીટ આપી હતી. કોંગ્રેસના જે લોકોને ભાજપે ટીકીટ આપી હતી તેમાંથી ચુંટાયેલા શ્રી જશાભાઈ બારડને મંત્રી પદ, શ્રી જયેશભાઈ રાદડીયાને મંત્રી પદ, શ્રી વિઠ્ઠલભાઈ રાદડીયા અને શ્રી પ્રભુભાઈ વસાવાને સાંસદ બનાવ્યાં, શ્રી બલવંતસિંહ રાજપૂતને ચેરમેન બનાવ્યાો અને તે પૈકીના શ્રી ધર્મેન્દ્ર સિંહ જાડેજા હાલમાં મંત્રી છે. કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા શ્રી નરહરીભાઈ અમીનને તાજેતરમાં ટીકીટ આપી હતી તે હવે રાજયસભાના સાંસદ છે. શ્રી પુનમબેન માડમ અને શ્રી દેવુસિંહ ચૌહાણ લોકસભાના સાંસદ છે તેમજ અગાઉ શ્રી લાલસિંહ વડોદીયાને રાજયસભા અને શ્રી દેવજીભાઈ ફતેપરાને લોકસભાની ટીકીટ આપીને સાંસદ બનાવ્યાત હતા.કોંગ્રેસ પક્ષમાંથી ૨૦૧૭માં જે ધારાસભ્યોક જીત્યો હતા તેમાંથી અગાઉ ૭ ધારાસભ્યો્ રાજીનામા આપીને ભાજપમાં જોડાયા હતા તેમાંથી ભાજપે ૬ ને ટીકીટ આપી હતી અને તે પૈકી શ્રી કુંવરજી બાવળીયા અને શ્રી જવાહરભાઈ ચાવડા હાલમાં કેબીનેટ મંત્રી છે. ભાજપ પોતાની તાકાત પર લડે અને જીતે તેવી રીતે ભાજપના કાર્યકર્તામાંથી જીતીને ધારાસભ્યં બનેલાઓમાં શું મંત્રી બનવાની તાકાત નથી ? ગુજરાતમાં આવનારી વિધાનસભાની ૮ બેઠકોની પેટા ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટી વેચાતા માલને ટીકીટ આપવાને બદલે પોતાના કાર્યકર્તાઓને ટીકીટ આપીને જીતી બતાવે તેવો પડકાર શ્રી શૈલેષ પરમારે ફેંકયો છે.

### કોરોના વોરિયર્સ - પોલીસ પરિવારને

# ૩૦ લાખ સુધી મેડીક્લેઈમ આપી સરકારે જ પ્રિમિયમ ભરવું જોઈએ: કોંગ્રેસ

અમદાવાદ, કોરોના મહામારી સહિત કોઈપણ આપત્તિમાં પ્રજાનાં રક્ષક તરીકે રાતદિવસ જોયાં વિના નિસ્વાર્થ સેવા કરતાં પોલીસ જવાનો સાચાં વોરિયર્સ હોવાનું જણાવતા કોંગ્રેસનાં પ્રદેશ મહામંત્રી ડો. હિમાંશુ પટેલે ભાજપ સરકારે તેમનો ઓર્ડરલી કે વરધી માટે જ ઉપયોગ કરવાનાં બદલે એક રક્ષક તરીકેની સેવાને છાજે તેવું પગારધોરણ અને જીવનજરૂરી સુવિધાઓ આપવા માંગણી કરી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં મહામંત્રી ડો. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાત પોલીસ કુદરતી કે અકુદરતી આફતો વખતે સરહદે લડતાં જવાન જેવી ખુમારીથી જ સમય જોયાં વગર ફરજ બજાવે છે. પરિવારને ભૂલી જઈને માનવતાનો અભિગમ દાખવતાં આ જવાનોનો માત્ર સત્તાધારી નેતાઓનાં રક્ષણ માટે જ ઉપયોગ કરવામાં આવે છે. ભાજપ સરકારે તો સોશીયલ મીડિયામાં તેમની લાગણીની અભિવ્યક્તિ કે વાણી સ્વાતંત્ર્ય ઉપર તરાપ મારી સરમુખત્યાર ચહેરો છતો કર્યો છે. આઈએએસ ઓફિસર્સને એસોસીએશનની મંજૂરી આપતી આ સરકારે અન્ય પોલીસ કર્મીઓ માટે પણ યૂનિયનની મંજૂરી તાત્કાલીક આપવી જોઈએ. આ જવાનો અત્યારે સૌથી વધુ તણાવ અનુભવી રહ્યા છે ત્યારે તેમનાં જીવનમાં ન્યાય કરવાની જરૂર છે. ડૉ. હિમાંશુ પટેલે વધુમાં જણાવ્યું છે કે, કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ તેમજ એએસઆઈના ગ્રેડ અન્ય રાજ્યોની જેમ વર્ગ ૩ પ્રમાણે રૂપિયા ૪૨૦૦ સુધી વર્ષ ૨૦૧૬ની અસરથી કરી સાતમાં પગાર પંચનો વાસત્વિક લાભ આપવો જોઈએ. આ ઉપરાંત ઉચ્ચતર પગાર ધોરણ ભથ્થા અને સુધારા સાથે આપી હથિયારધારી અને બિનહથિયારધારીની કેડર એકજ કરવી જોઈએ. જયારે ૮ કલાકથી વધારે ફરજ માટે ઓવરટાઈમ, સાયકલનાં બદલે વ્હીકલ એલાઉન્સ, વોશિંગ, ડ્રેસ, સૂઝ, ટ્રાવેલ્સ એલાઉન્સ વગેરેમાં વધારો કરી બાળકોનાં અભ્યાસ માટે ટ્યુશન આપવી જોઈએ. આ અગ્રિમ કોરોના વોરિયર્સને થઈ રહેલો અન્યાય દુર કરી પોલીસ કર્મીનાં પરિવારને ૩૦ લાખ સુધી મેડીક્લેઈમ આપી રાજ્ય સરકારે જ પ્રિમિયમ ભરવું જોઈએ. આ બાબતને ખાસ કિસ્સા કે અગ્રિમતાના ધોરણે લઈ પોલીસ જવાનોનાં જીવનમાં ખુશીઓનાં રંગ ભરવાં મુખ્યમંત્રી, ગૃહ અને નાણાં મંત્રીને ડો. હિમાંશુ પટેલે અપીલ કરી છે.

# પ. રે.ની ૪૨૬ પાર્સલ વિશેષ ટ્રેનો દ્વારા ૮૫૦૦૦થી વધુ અત્યાવશક સામગ્રીનું પરિવહન



અમદાવાદ, પશ્ચિમ રેલવે એ રાષ્ટ્ર પ્રત્યે પોતાની સંપૂર્ણ પ્રતિબધ્ધતા સાથે કોરોના મહામારી ના મુશ્કેલ સમય માં પશ્ચિમી રેલવે દ્વારા દૂધ, દવાઓ, અનાજ અને તબીબી ઉપકરણો સહિત જરૂરી વસ્તુઓનીસપ્લાય કરીને રાષ્ટ્ર ની સેવા કરવામાં અગ્રણી રહી છે. પશ્ચિમ રેલવે દેશના વિવિધ ભાગોમાં લોકડાઉન સમયગાળા દરમિયાન પાર્સલ વિશેષ ટ્રેનો ચલાવવાનું ચાલુ રાખ્યું છે. ૨૮ જુલાઈ ના રોજ કુલ ત્રણ પાર્સલ સ્પેશિયલ ટ્રેનો બાંદ્રા ટર્મિનસ-જમ્મુ તાવી અને દેવાસ-નાગપુર ટ્રેનો સહિત જ્યારે દૂધની વિશેષ ટ્રેનપાલનપુરથીહિંદ ટર્મિનલ માટે ચાલી હતી. પશ્ચિમ રેલવેના મુખ્ય જન સંપર્ક અધિકારી શ્રી સુમિતઠાકુર દ્વારા જારી કરાયેલા પ્રેસ રિલીઝ મુજબ, ૨૩ માર્ચ, ૨૦૨૦ થી ૨૭ જુલાઈ ૨૦૨૦ સુધી લગભગ ૮૫ હજાર ટન ની સામગ્રી નું પરિવહન તેની ૪૨૬ પાર્સલ સ્પેશિયલ ટ્રેનો દ્વારા કરવામાં આવ્યુ હતું. આ પરિવહન દ્વારા આવક રૂ. ૨૭.૧૭ કરોડ છે. આ સમયગાળા દરમિયાન, પશ્ચિમ રેલવે દ્વારા ૬૪ દૂધની ટ્રેનો ચલાવવામાં આવી હતી, જેમાં ૪૮,૦૦૦ ટનથીવધુનો ભાર હતો અને ૧૦૦% વેગનને ૮.૩૩ કરોડની આવક મળી હતી. એ જ રીતે ૩૪૭ કોવિડ -૧૯ સ્પેશિયલ પાર્સલ ટ્રેનો પણ વિવિધ આવશ્યક વસ્તુઓના પરિવહન માટે ૩૦,૬૦૦ થી વધુ ના ભાર સાથે ચલાવવામાં આવી હતી જેની આવક રૂ. ૧૫.૫૧ કરોડ, થી વધુ છે. આ ઉપરાંત, ૧૫ ઈન્ડેન્ટ રેક્સ પણ ૬૪૯૩ ટન વજન સાથે ચલાવવાં માં આવ્યા હતા. જેના થી રૂ. ૩.૩૩ કરોડ આવક પ્રાપ્ત થઈ. ૨૨ માર્ચ થી ૨૭ મી જુલાઈ ૨૦૨૦ સુધી લોકડાઉન સમયગાળા દરમિયાન, કુલ ૧૦,૩૭૯ રેકોનો ઉપયોગ પશ્ચિમ રેલવે દ્વારા ૨૧.૧૭ મિલિયન તન આવશ્યક સામગ્રી ના પરિવહન માટે કરવામાં આવ્યો હતો. ૨૦.૩૮૦ માલવાહક ટ્રેનો ને અન્ય ક્ષેત્રો સાથે જોડવામાં આવી. જેમાં ૧૦,૧૮૧ ટ્રેનો સોંપવામાં આવી હતી અને ૧૦,૧૯૯ ટ્રેનો વિવિધ અલગ અલગ ઈન્ટરચેન્જ પોઈન્ટ પર લઈ જવામાં આવી હતી.

# વીજ બીલ ભરવાની એકમાત્ર ગ્રીડ કચેરીએ ગ્રાહકોની જામતી લાંબી કતાર

આણંદ, આણંદ શહેરના વીજ ગ્રાહકોના વીજ બીલ એકમાત્ર ગ્રીડ ચોકડીએ આવેલ વીજ કચેરીએ જ સ્વીકારવામાં આવી રહ્યા છે. શહેરના અન્ય સ્થળોએ આવેલા વીજ બીલ સ્વીકાર કેન્દ્રો મહિનાઓથી બંધ છે. આથી ગ્રીડ ચોકડીની કચેરીએ સવારથી જ વીજ બીલ ભરવા ગ્રાહકોની લાંબી કતારો જામી રહ્યાનું જોવા મળે છે. કોરોના મહામારીમાં વીજ ગ્રાહકોને વીજ બીલ ભરવાની સુવિધા આપવા તરફે તંત્ર ચોકસાઈ ન દાખવતું હોવાની બાબત સંક્રમણને વકરાવશેની ભીતિ પણ જાગૃતજનો વ્યકત કરી રહ્યા છે. આણંદમાં વીજ બીલ સ્વીકારવાના આશરે ૨૦થી વધુ કેન્દ્રો શહેરના જુદા જુદા વિસ્તારોમાં કાર્યરત હતા. આથી ગ્રાહકોને સમયસર વીજ બીલ ભરવામાં સરળતા રહેવા સાથે સમયનો બચાવ થતો હતો. પરંતુ ગ્રાહકોના જણાવ્યાનુસાર લોકડાઉન અગાઉના સમયથી જ શહેરના વિવિધ સ્થળોના વીજ બીલ સ્વીકાર કેન્દ્રો બંધ કરી દેવાયા છે. આથી શહેરના દૂરના વિસ્તારમાં રહેતા ગ્રાહકોને પણ વીજ બીલ ભરવા ગ્રીડ ચોકડી વિસ્તારની મુખ્ય વીજ કચેરીએ આવવાની ફરજ પડી રહી છે. હાલ કોરોના મહામારીના કારણે માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ સહિતની ગાઈડલાઈનનું પાલન ફરજિયાત છે.

પરંતુ વીજ બીલ ભરવા ઉમટતા ગ્રાહકોના કારણે સોશિયલ ડિસ્ટન્સ સહિતની બાબતોનો છેદ ઉડી રહ્યો છે. સવારથી જ વીજ બીલ ભરવાની જામતી કતારોમાં ગ્રાહકોને લાંબો સમય ઉભા રહેવું પડે છે.

# વારી એનર્જીસને એશિયાવને આપ્યું સૌર ઉર્જા ઉદ્યોગમાં "ભારતનો સૌથી ગ્રેટેસ્ટ બ્રાન્ડ"ની માન્યતા




અમદાવાદ, ભારતના સૌથી મોટા સોલાર પેનલ ઉત્પાદક અને ઈ.પી.સી સેગમેન્ટમાં અગ્રણી વારી એનર્જીસ લિમિટેડ ની ગણતરી હવે ભારત દેશના સૌથી ગ્રેટેસ્ટ બ્રાન્ડ્સ માં થયું છે. આ જાહેરાત તાજેતરમાં એશિયા વન મેગઝીન અને ઈજી મીડિયા ઈન્ટરનેશનલ દ્વારા તેનું પાંચમું એવોર્ડ સમારંભના અધ્યાય માં કરવામાં આવ્યું છે. દુનિયાની જાણીતી કંપની Deloitte Touche Tohmatsu India આ એવોર્ડ્સ અને લિસ્ટિંગ પ્રક્રિયા માટેના સલાહકાર હતા. વારી હવે ભારત દેશના સર્વોપ્રથમ સોલાર કંપની બન્યું છે જેને "ભારતની મહાનતમ બ્રાન્ડ્સ" તરીકે માન્યતા મળી છે . આ એવોર્ડ્સમાં જુદા જુદા ઉદ્યોગીક સેક્ટરોમાં થી ૧૬ ઉદ્યોગો, ૧,૨૦૦ બ્રાન્ડ્સ અને ૬૨ ક્ષેત્રોના બહુવિધ ક્ષેત્રોમાં થી સંશોધનનાં આધારે વિજેતાઓનો ચયન કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ વિષયે વારી ગ્રુપના સી.એમ.ડી ડો. હિતેશ દોશીએ જણાવ્યું હતું કે, "અમે અમારા માનવંતાગ્રાહકો ને માત્ર એનું અપેક્ષા મુજબ નહીં પરંતુ એના અપેક્ષાઓ કરતાં પણ વધુ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમારી ઉચ્ચ ગુણવત્તાની સોલર પેનલ્સ એના વિશ્વ કક્ષાનું સેવાઓ અને શ્રેષ્ટતમ સમયસર ડિલિવરીની પ્રતિબદ્ધતા સાથે હંમેશાં અમને અમારા ગ્રાહકો થી પસંદગી આપે છે. બજારમાં શ્રેષ્ઠ ઉત્પાદનો અને સેવાઓ લાવવા માટે અને ગ્રાહકના અનુભવોને સકારાત્મક દિશામાં બદલવા માટે, વારી એ વિશાળ સંસાધનોનું રોકાણ કર્યું છે, જે આપણે આગામી સમયમાં પણ ચાલુ રાખીશું." ડૉ. હિતેશ દોશીએ વધુમાં ઉમેર્યું કે, "સોલાર ઈન્ડસ્ટ્રીમાં વારી બ્રાન્ડ ને આ મુકામ સુધી પહુંચારવા બદલ અને સમર્થન આપવા બદલ અમે વારી ના દરેક કર્મચારીઓ, ગ્રાહકો અને તમામ હિસ્સેદારોનુંઅમે આભાર વ્યક્ત કરીએ છીએ."(૧૯-૮)


## પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

**વિવિધ એન્જિનિયરીંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટીસ નં. 08 વર્ષ 2020-21** **તા. 24-07-2020**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજીત NIT રકમ (₹) | ઈએમડી રકમ (₹) |
|---|---|---|---|---|
| 01 | ડીઆરએમ-આરજેટી-20-E-09R | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જીનીયર (પૂર્વ) જામનગરના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ | 1,82,22,353.29 | 2,41,100.00 |
| સ્થળો પર થ્રુ બાલાસ્ટ રિકપમેન્ટ, બીસીએમ/મેન્યુઅલી દ્વારા બાલાસ્ટનું ડિપસ્ક્રીનીંગ, ટી-28 દ્વારા બેડ લે-આઉટ્સની સુધારણા અને રબર પેડ્સનું નવિનીકરણ. **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** 24-08-2020, 15:00 કલાકે. | | | | |
| 02 | ડીઆરએમ-આરજેટી-20-E-10R | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જીનીયર (પશ્ચિમ) જામનગરના અધિકારક્ષેત્ર હેઠળ | 1,19,05,629.80 | 2,09,500.00 |
| વિવિધ સ્થળો ખાતે થ્રુ બાલાસ્ટ રિકપમેન્ટ, બાલાસ્ટનું ડિપસ્ક્રીનીંગ અને ટી-28 દ્વારા બેડ લે-આઉટ્સની સુધારણા **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** 24-08-2020, 15:00 કલાકે. | | | | |
| 03 | ડીઆરએમ-આરજેટી-20-E-24 | રાજકોટ ડિવિઝન : ડિવિઝનલ એન્જીનીયર (પશ્ચિમ) રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ | 25,51,468.00 | 51,000.00 |
| લેવલ ક્રોસિંગ નં. 135 અને 201 ખાતે રબરાઈઝ્ડ સરફેસ પ્રદાન કરી રોડ સરફેસમાં સુધાર. **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** 24-08-2020, 15:00 કલાકે. | | | | |
| 04 | ડીઆરએમ-આરજેટી-20-E-25 | રાજકોટ ડિવિઝન : ડિવિઝનલ એન્જીનીયર (પશ્ચિમ) રાજકોટના અધિકાર હેઠળ લેવલ | 3,48,24,824.87 | 3,24,100.00 |
| ક્રોસિંગ નં. 137 અને 149 ને નાબૂદ કરવાના સંબંધમાં રોડ અન્ડર બ્રિજ પર યુ-વૉલ/માર્ગ અને અન્ય અનુષંગિક કાર્યોની જોગવાઈ. **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** 26-08-2020, 15:00 કલાકે. | | | | |

**ઓફિસનું સરનામું અને વેબસાઈટ વિગત:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જીનીયરીંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-360 001. **વેબસાઈટ:** www.ireps.gov.in

RJT-041

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



## PARAS PETROFILS LIMITED

CIN: L17110GJ1991PLC015254
Add: 1st Floor, Dhamanwala Complex, Opp. Apple Hospital Khatodara Road, Udhana, Surat -395002, Gujarat **Ph.:**+91-9825568096
**Email Id:** finance@paraspetrofils.com, **Website:** www.paraspetrofils.co.in

**Extract of the Standalone Audited Financial Results for the Quarter and Financial Year Ended on March 31, 2020**
*(Regulation 47(1) (b) of the SEBI (LODR) Regulations, 2015)*

(Amt. in lakhs)

| Particulars | Quarter Ended | | | Year Ended | |
|---|---|---|---|---|---|
| | 31.03.2020 (Audited) | 31.12.2019 (Unaudited) | 31.03.2019 (Audited) | 31.03.2020 (Audited) | 31.03.2019 (Audited) |
| Total income from operations | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 07.34 |
| Net Profit/(loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (2.35) | 23.30 | 6.14 | 63.93 | 56.55 |
| Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | (2.35) | 23.30 | 6.14 | (123.10) | 56.55 |
| Net Profit/(loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (2.35) | 23.30 | 6.14 | (123.10) | 56.55 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (2.35) | 23.30 | 6.14 | (123.10) | 56.55 |
| Equity Share Capital | 3342.21 | 3342.21 | 3342.21 | 3342.21 | 3342.21 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of previous year) | - | - | - | -1463.45 | -1340.35 |
| Earnings Per Share (of Rs. 1/- each) for continuing and discontinued operations)- | | | | | |
| 1. Basic | 0.00 | 0.01 | 0.00 | -0.04 | 0.02 |
| 2. Diluted | 0.00 | 0.01 | 0.00 | -0.04 | 0.02 |

**Note:**
The above is an extract of the detailed format of Quarterly/YearlyFinancial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Yearly Financial Results is available on the websites of the Stock Exchange www.bseindia.com & www.nseindia.com and on the website of the Company at www.paraspetrofils.co.in.

For Paras Petrofils Limited
Sd/-
(Deepak K. Vaidya)
Whole Time Director
DIN: 08201304

Date: 29/07/2020
Place: Surat



## REAL STRIPS LIMITED

**Registered Office: Survey No.245-246, Village Sari, Ahmedabad-Bavla Highway, Taluka Sanand, Dist.: Ahmedabad - 382220, Gujarat.**
**CIN.: L27100GJ1990PLC014383**
**Telephone: +91 92280 02011, +91 92280 02012**
**Email: ramcharan@realstrips.com Website: www.realstrips.com**
**Com. No. Bombay Stock Exchange :- 513558**

**Extract of Aaudited Financial Results for the Quarter and Year Ended 31st March 2020**

(Rs In Lacs except as stated)

| PARTICULARS | Quarter Ended | | | Year Ended | |
|---|---|---|---|---|---|
| | 31.03.2020 Refer Note No. 2 (Audited) | 31.12.2019 (Unaudited) | 31.03.2019 Refer Note No. 2 (Audited) | 31.03.2020 (Audited) | 31.03.2019 (Audited) |
| **Total Income from operations** | **2,646.00** | **2,457.88** | **3,520.52** | **10,673.66** | **13,285.91** |
| Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | (44.24) | 14.51 | 309.88 | 578.74 | 1,203.37 |
| Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | (44.24) | 14.51 | 2,865.49 | 578.74 | 3,758.98 |
| Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | (157.83) | 14.51 | 2,865.49 | 465.15 | 4,219.87 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | (5.75) | - | 2.64 | (5.75) | 2.64 |
| Equity Share Capital (Face value of Rs.10/- each) | 597.50 | 597.50 | 597.50 | 597.50 | 597.50 |
| Other Equity (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | (1,681.92) | (2,141.31) |
| Earnings Per Share (For Continuing and Discontinued operations) (Amount in Rs.) | | | | | |
| - Basic & Diluted (Not annualised) | (2.64) | 0.24 | 47.92 | 7.78 | 70.57 |

**Notes:**
1 The above financial results were reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors at their meetings held on July 29, 2020.
2 The figures of the last quarter are the balancing figures between audited figures in respect of the Financial year ended March 31, 2020 and March 31, 2019 and the unaudited published year to date figures up to December 31, 2019 and December 31, 2018 respectively, being the date of the end of the third quarter of the respective financial year which were subjected to limited review.
3 Presently, the company has elected to exercise the option permitted under section 115BAA of the Income Tax Act, 1961, as introduced by the Taxation Laws (Amendment) Ordinance, 2019. Accordingly, the Company has recognized provision for income tax for the year ended on March 31, 2020 and re-measured their deferred tax balances based on the rate prescribed in the said section, for the disclosure purposes in the financial statements.
4 On March 24, 2020, the Government of India ordered a nationwide lockdown to prevent community spread of Covid-19 in India resulting in significant reduction in economic activities. The company has carried out its initial assessment of the likely adverse impact on economic environment in general and financial risk because of Covid-19. The company is in the business of manufacturing steel/steel products. The demand for the Company products are expected to be lower in the short term, though the same is not likely to have a continuing impact on the business of the Company. Further, the Management believes that there may not be significant impact of Covid-19 pandemic on the financial position and performance of the company, in the long-term.
5 Effective from April 1, 2019 the company has adopted Ind AS 116 "Leases". The application of Ind AS 116 did not have impact on the financial results of the Company.
6 The Subsidiary company Hriday Stainless Private Limited ceases to subsidiary w.e.f 30/09/2019 and accordingly consolidated financial results for the quarter ended March 31, 2020 and for the year ended March 31, 2020 are not provided.
7 The Scheme of Arrangement as approved by Board of Directors on November 14, 2019 between Company and Shareholders has been dropped as the necessary approval from Bombay Stock Exchange has not been received.
8 Figures of the previous periods have been regrouped and reclassified to confirm to the classification of the current period, wherever necessary.

**For Real Strips Limited,**
**Prakashraj S. Jain**
**Joint Managing Director**
**DIN - 00435076**

**Place: Sari-Village**
**Date : 29th July 2020**



## GALLOPS ENTERPRISE LIMITED

Regd. Office : 9th Floor, Astron Tech Park, Near Satellite Police Station, Satellite, Ahmedabad - 380015
Tel: (079) 26861459/60 Website : www.gallopsenterprise.com
CIN: L65910GJ1994PLC023470

**NOTICE**

Pursuant to Regulation 29 read with Regulation 47(1)(a) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, notice is hereby given that the meeting of the Board of Directors of the Company will be held on Thursday, 6th August, 2020 to consider and approve, the un-audited Standalone Financial Results of the Company for the first quarter ended on 30th June, 2020.

**For, Gallops Enterprise Limited**
**Hiral Soni**
**Company Secretary**

**Place : Ahmedabad**
**Date : 29.07.2020**